


# શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ

શ્રી સીમંધર ભગવાન ના દરસન કરનાર
ભગવાન શ્રી કુંદકુંદ આચાર્યદેવ ને નમો નમ:

## ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ વિષે ઉલ્લેખો

वन्द्यो विभुर्भुवि न कैरिह कौण्डकुन्दः
कुन्द-प्रभा-प्रणयि-कीर्ति-विभूषिताशः।
यश्चारु-चारण-कराम्बुजचञ्चरीक
श्चक्रे श्रुतस्य भरते प्रयतः प्रतिष्ठाम्।।

[ચંદ્રગિરિ પર્વત પરનો શિલાલેખ]

અર્થ :– કુન્દપુષ્પની પ્રભા ધરનારી જેમની કીર્તિ વડે દિશાઓ વિભૂષિત થઈ છે, જેઓ ચારણોનાં - ચારણઋદ્ધિધારી મહામુનિઓનાં - સુંદર હસ્તકમળોના ભ્રમર હતા અને જે પવિત્રાત્માએ ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે, તે વિભુ કુંદકુંદ આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી ?

.....कोण्डकुन्दो यतीन्द्रः ।।
रजोभिरस्पृष्टतमत्वमन्त-
र्बाह्योपि संव्यञ्जयितुं यतीशः ।
रजःपदं भूमितलं विहाय
चचार मन्ये चतुरंगुलं सः ।।

[વિંધ્યગિરિ-શિલાલેખ]

અર્થ :– યતીશ્વર (શ્રી કુંદકુંદસ્વામી) રજઃસ્થાનને - ભૂમિતળને છોડીને ચાર આંગળ ઊંચે આકાશમાં ચાલતા હતા તે દ્વારા હું એમ સમજું છું કે, તેઓશ્રી અંદરમાં તેમ જ બહારમાં રજથી (પોતાનું) અત્યંત અસ્પૃષ્ટપણું વ્યક્ત કરતા હતા (-અંદરમાં તેઓ રાગાદિક મળથી અસ્પૃષ્ટ હતા અને બહારમાં ધૂળથી અસ્પૃષ્ટ હતા).

जइ पउमणंदिणाहो सीमंधरसामिदिव्वणाणेण।
ण विबोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।

[दर्शनसार]

અર્થ :– (મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે (શ્રી કુંદકુંદાચાર્યદેવે) બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત ?

શ્રી દેવસેનાચાર્ય

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારાં વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયાં છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

[શ્રીમદ્ રાજચંદ્ર]

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો અમારા પર ઘણો ઉપકાર છે, અમે તેમના દાસાનુદાસ છીએ. શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવ મહાવિદેહક્ષેત્રમાં સર્વજ્ઞ વીતરાગ શ્રી સીમંધરભગવાનના સમવસરણમાં ગયા હતા અને ત્યાં તેઓશ્રી આઠ દિવસ રહ્યા હતા એ વિષે અણુમાત્ર શંકા નથી. એ વાત એમ જ છે; કલ્પના કરશો નહિ, ના કહેશો નહિ; માનો તો પણ એમ જ છે, ન માનો તો પણ એમ જ છે. યથાતથ્ય વાત છે, અક્ષરશઃ સત્ય છે, પ્રમાણસિદ્ધ છે.

[પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી]

(સમયસારમાંથી ઉદ્ધૃત)

# શ્રી સદ્‌ગુરુદેવને તથા તેમના પરમ ઉપકારને નમસ્કાર.

૧૯૯૪, માગસર સુદ સાતમ ને (શુક્રવાર), શ્રી સોનગઢ

## પૂર્વજન્મનું આવેલું સ્મરણ

### ચૈત્ર વદ આઠમ ને સોમવાર, ૧૯૯૩, સવારના દસ લગભગ

આત્મસ્થિરતા વધતાં, શ્રી કુંદકુંદાચાર્ય અહીંથી મહાવિદેહ ક્ષેત્રમાં ગયા છે એમ સહજ જ્ઞાનની પર્યાયે પ્રણમતાં, તેની સાથે તે ક્ષેત્રમાં આ આત્મા પુરુષદેહપણે ત્યાં બેઠો છે; શ્રી સીમંધર પ્રભુ ત્યાં બિરાજી રહ્યા હતા; સામે શ્રી કુંદકુંદાચાર્ય ઊભા છે; શ્રી શ્રુતકેવળી વગેરેનાં ટોળાં ત્યાં બિરાજી રહ્યાં હતાં; - એમ સ્મરણરૂપ વેદન સહજ આવ્યું. શ્રી કુંદકુંદાચાર્ય તદ્દન વસ્ત્ર રહિત દિગંબરપણે હતા. મોટા યોગીશ્વર જેવો તેમના દેહનો દેખાવ હતો. એમના રૂંવાડે રૂંવાડે દેહાતીત દશા દેખાતી હતી. એમના દેહનું કદ ઊંચું હતું. એમના શરીરનો  વર્ણ બહુ ધોળો નહિ, બહુ રાતો નહિ, એવી જાતનો હતો. પીંછી કે કમંડલ એમની પાસે નહોતાં. શરીર પાતળું નહોતું પણ ઠીક ઠીક ભરાવદાર હતું. ('બહેનશ્રીનો જ્ઞાનવૈભવ', પૃષ્ઠ ક્રમાંક–૩૦)

# પોન્નુર હીલની મંગલયાત્રા પ્રસંગે
# પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્‌ગાર

(મદ્રાસ પ્રતિષ્ઠા ૧૯૭૭)

કુંદકુંદાચાર્ય અહીંયાં તપ, ધ્યાન કરતા હતા. તેમાં અંદરથી એમ આવ્યું કે અરે...! મને પ્રભુનો વિરહ છે. ધ્યાનમાં એવી લગની લાગી અને ભગવાનના દર્શન કરવાનો ભાવ થયો. એક દેવ કે જે પૂર્વનો મિત્ર હતો તે અહીંયાં આવ્યો અને અહીંયાંથી ગયા. આ ભૂમિ ઉપરથી મહાવિદેહમાં આકાશમાર્ગે ગયા અને ત્યાં રહ્યા તથા સમવસરણમાં ભગવાનની વાણી સાક્ષાત્‌ સાંભળી. ષટ્‌ખંડાગમની ધવલટીકા અહીંયાં રચી છે. નિશ્ચય અહીંયાં થયો અને વ્યવહાર ત્યાં થયો.

બેન (ચંપાબેનને) તો જાતિ સ્મરણ થયું છે. મને તો પૂર્વની થોડી વાત યાદ છે, બેનને (ઘણું સ્મરણમાં આવ્યુ છે). અમને તો સવંત ૧૯૬૩ની સાલમાં એટલી (વાત) આવેલી કે 'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ'. આ સ્ત્રીના લગ્ન નથી.

તું તો શિવરમણી રમનાર છો. સત્તર વર્ષની ઉંમર હતી. ૭૧ વર્ષ પહેલા (આ વાત) આવી હતી કે તું દેવનો દેવ છો. આ શું આવ્યું ? દેવનો દેવ એટલે શું ? હું તો મનુષ્ય છું.

આવી વાત છે... ભગવાન કુંદકુંદાચાર્યદેવના વિરહ પડ્યા. અંદરમાં એમ આવ્યું કે, તમે તીર્થંકર છો, એમ આવ્યું. આ શું ? આ શું થયું ? બહુ વિચાર કર્યો. પછી બેનને જ્યારે જાતિ સ્મરણ થયું ત્યારે તેમણે સ્પષ્ટ કર્યું કે ભગવાનના સમવસરણમાં ભગવાનના શ્રીમુખે વાણી નીકળી હતી. અમે ત્યાં રાજકુમાર હતા, આ બેનો અને નારણભાઈ હતા. અહીંયાંથી કુંદકુંદાચાર્ય ગયા હતા ત્યારે અમે સમવસરણમાં ગયા હતા અને દર્શન કર્યા હતા.

ભગવાન પાસે અમે સાંભળ્યું હતું. ૐ કાર અમને (સંવત) ૧૯૭૮ ની સાલમાં અંદરથી આવ્યો હતો. ૐ ધ્વનિ અંદરથી ઊઠી. (સંવત) ૧૯૭૮, વૈશાખ વદ ૮, ૐ ધ્વનિ સાંભળી હતી. તું દેવાધિદેવ છો અને તીર્થંકર છો આટલી વાત પૂર્વની છે, આ ભવની બીજી છે. પૂર્વની વિશેષ વાત બેન જાણે છે. ત્યાં બેન પણ

હતા. શેઠના પુત્ર હતા. અમે તો રાજકુમાર હતા, પિતાજી રાજા હતા અને શેઠનો દીકરો અને એક નારણભાઈ હતા. અંદરથી થોડી થોડી વાત આવતી હતી પરંતુ શું વસ્તુ છે એ બહુ સ્પષ્ટ નહોતુ આવતું. ત્યાર બાદ બહેનને સ્મરણ થયું ત્યારે વિશેષ સ્પષ્ટ થઈ ગયું કે, ઓ..હો..! આ તો અંદરની પૂર્વની વાત છે. આમ વાત છે.

અહીંયાંથી ભગવાન ગયા હતા. કુંદકુંદાચાર્ય ભગવાન પાસે સીધા ગયા હતા. કુંદકુંદાચાર્ય આખા ધર્મના પ્રાણ હતા. આ..હા..હા..! અને તેઓ ત્રીજા નંબરે આવ્યા ને ?

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલમ્.

આહા..હા..! પહેલા નંબરે ભગવાન, બીજા નંબરે ગણધર, ત્રીજા નંબરે કુંદકુંદાચાર્ય અને ચોથા નંબરે જૈનધર્મને વંદન કર્યાં છે. આ વસ્તુ અનાદિ સનાતન છે. અનાદિકાળથી જૈનધર્મ છે તે દિગંબર ધર્મ છે. આ તો અંદરથી આવ્યું છે. આહા..હા..! આમ વાત છે.

એક વાત તો આ કહી હતી ને ? ભગવાનની વાણીમાં એમ નીકળ્યું કે `જિનવચનસી રમન્તે' એમ કળશમાં આવ્યું છે. કળશ છે ને ? `જિનવચનસી રમન્તે' જિનવચનમાં રમવું છે ? તો એમાં લખ્યું છે કે, ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું કે, આ આત્મા આનંદનાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન જ ઉપાદેય છે. આ `જિનવચનસી રમન્તે'નો અર્થ છે.

જિનવચન એટલે શું ? ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, શુદ્ધ, ચૈતન્ય, રાગની ક્રિયાથી રહિત નિષ્ક્રિય પ્રભુ છે. અરે...! વર્તમાન મોક્ષમાર્ગની પર્યાય છે તેનાથી પણ રહિત છે. બંધના કારણરૂપ પર્યાય, મોક્ષના કારણરૂપ પર્યાયથી પણ પ્રભુ અંદરથી ભિન્ન છે. આ વસ્તુ છે તેની દૃષ્ટિ કરવી તેનું નામ સમકિત છે, બાકી બધી વાતો છે. (શુભરાગ) હોય છે, અશુભથી બચવા માટે શુભભાવ આવે છે, પરંતુ તેમાં ધર્મ નથી. ધર્મ પણ નથી અને ધર્મનું કારણ પણ નથી એમ થોડી વાત છે.